દાખલ તારીખ: ૧૧/૧/૧૭
રજુ કર્યા તારીખ:૧૧/૧/૧૭
ફેંસલ તારીખ: ૨૫/૦૩/૨૬

सत्यमेव जयते

**મહે.ધારીના બીજા એડી.ચીફ. જયુડી.મેજી. સાહેબશ્રીની કોર્ટમાં.મુ.ધારી**

**ફો.કેસ નંબર: ૧૬/૨૦૧૭**

**આંક–**

**ફરીયાદી :–** શ્રી સરકાર...

**વિરૂધ્ધ**

**આરોપી :– સરફરાજ યુસુફભાઈ રફાઈ**
રહે–ગારીયાધાર, તા.ગારીયાધાર, જી.ભાવનગર.

**ગુનો:– પ્રોહીબીશન એકટની કલમ–૬૬(બી), ૬૫(એ)(ઈ), ૮૧, ૧૧૬(બી) મુજબ.**

---

ફરીયાદ પક્ષે :– વિ.એ.પી.પી.શ્રી.બી.કે.ચૌધરી.
બચાવ પક્ષે :– વિ.વ.શ્રી. આર.બી. જોષી.

---

**–: જજમેન્ટ :–**

**૧.** આ કેસ ચલાલા પો.સ્ટે. ના ગુ.ર.નં.III/૧૨૯/૨૦૧૬, તા.૩૧–૦૮–૨૦૧૬ થી આરોપી સરફરાજ યુસુફભાઈ રફાઈ વિરૂધ્ધ ગુજરાત પ્રોહીબિશન એકટની કલમ–૬૬(બી), ૬૫(એ)(ઈ), ૮૧, ૧૧૬(બી) મુજબના ગુના બદલ દાખલ થયેલી એફ.આઈ.આર.ની તપાસના અંતે થયેલી ચાર્જશીટ પરથી દાખલ થયેલ છે.

**૨.** આ કેસની ફરિયાદ મુજબ ચલાલા પો.સ્ટે.ના ફરજ પરના પોલીસ અધિકારી આર. એચ. મોરી અને અના.એ.એસ.આઈ. અરવિંદભાઈ યુ. ચૌધરી તથા અના. હેડ કોન્સ. પ્રવિણભાઈ એચ. વાડદોરીયા તથા પો.કોન્સ. ભગીરથભાઈ આર. ધાધલ તથા પો.કોન્સ. જયેશભાઈ જી. બોરીસાગર તથા પો.કોન્સ. સુલતાનભાઈ જી. પઠાણ વિ. સ્ટાફ સાથે ચલાલા ટાઉનમાં ૧૯/૦૦ પેટ્રોલિંગમાં તથા વાહન ચેકીંગમાં જવા રવાના થઈ પેટ્રોલિંગમાં ફરતા ફરતા કલાક ૧૯/૧૫ વાગ્યે ગોપાલગ્રામ ચોકડીએ આવી વાહન ચેકીંગ કરતા હતા ત્યારે ધારી તરફથી આવતી સ્વીફટ સફેદ કલરની ફોરવ્હીલ જેના રજી. નં. GJ-1-HS-5774 ને રોકી જેમા

ત્રણ ઈસમો બેઠા હોય જેમાંથી બે ઈસમો ગાડીમાંથી ઉતરી ભાગવા લાગેલ જેમાથી ડ્રાઈવરને સાથેના પો.કોન્સ. ભગીરથભાઈએ પકડી પાડેલ તેમજ સદરહુ સ્વીફ્ટ LDI સફેદ કલરની ફોરવ્હીલના સાઈડના દરવાજા ખોલી ચેક કરતા ગાડીની પાછળની સીટ પાસે વિદેશી દારૂ (૧) રોયલ સ્ટેજ કલાસિક વ્હિસ્કી ૭૫૦ ML પ્રુફ, (૨) પરનોડ રીકાર્ડ ઈન્ડીયા પ્રા.લી. મોહાલી(પંજાબ), (૩) ફોર સેલ ઈન પંજાબ ઓન્લી કુલ બોટલો નંગ–૮૪ મળી આવ્યો હતો જેથી તેની પૂછપરછ કરતા તેણે પોતાનુ નામ સરફરાજ યુસુફભાઈ રફાઈ રહે. ગારીયાધાર નવાગામ રોડ, તા.ગારીયાધાર , જી.ભાવનગરવાળા હોવાનુ જણાવ્યુ હતુ. ફરિયાદ મુજબ નજીકમાંથી પંચોના માણસ બોલાવી તેમની રૂબરૂ ઉપરોકત મુદામાલ પંચનામાની વિગતે તપાસઅર્થે કબ્જે કર્યો હતો અને તે આરોપી વિરૂધ્ધ ધોરણસરની ફરિયાદ આપી હતી.

**૩.** તે ફરિયાદના આધારે ઉપરોકત ગુ.ર.નં. થી ગુન્હો નોંધી તપાસ કરવામાં આવી હતી અને તે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પૂરતો પુરાવો હોવાનું જણાતા ચાર્જશીટ કર્યું હતું. તે ચાર્જશીટના આધારે અદાલતે આરોપી વિરૂધ્ધના ગુન્હાનુ સંજ્ઞાન લઈ આંક–૦૫થી ત્હોમતનામુ ઘડી આંક–૦૬થી આરોપીનું નિવેદન(પ્લી) નોંધ્યુ હતું જેમાં આરોપીએ ગુન્હો કર્યો હોવાનો ઈન્કાર કરતા ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવે છે.

**૪.** સદર કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામે નીચે મુજબનો મૌખિક તેમજ લેખિત દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**–: <u>મૌખિક પુરાવો</u> :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ– સાહેદ જગદીશભાઈ હરીભાઈ ચૌહાણ | ૧૦ |
| ૨ | પંચ– સાહેદ નાનજીભાઈ મનજીભાઈ સાપરીયા | ૧૨ |
| ૩ | સાહેદ ભગીરથભાઈ રાવતભાઈ ધાધલ | ૧૫ |
| ૪ | સાહેદ સુલતાનભાઈ ગુલાબભાઈ પઠાણ | ૧૬ |
| ૫ | સાહેદ પ્રવિણભાઈ હકુભાઈ વાડદોરીયા | ૧૭ |
| ૬ | સાહેદ અરવિંદભાઈ ઉબડાભાઈ ચૌધરી | ૧૯ |
| ૭ | સાહેદ જયેશભાઈ ધનશ્યામભાઈ બોરીસાગર | ૨૧ |

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૮ | ત.ક.અ. ભીમાભાઈ માલદેભાઈ આહીર | ૨૬ |

**–: <u>દસ્તાવેજી પુરાવો</u> :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | બનાવવાળી જગ્યા અને મુદામાલ રીકવર કર્યાનુ પંચનામુ | ૧૧ |
| ૨ | ફરિયાદ | ૨૦ |
| ૩ | એફ.એસ.એલ. | ૨૭ |

**૫.** સદર કામે ઉપર મુજબનો પુરાવો નોધાયા બાદ ફરીયાદ પક્ષ દ્વારા બીજો કોઈ પુરાવો આપવામાં આવેલ નથી અને ફરીયાદપક્ષની મોખિક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કર્યો હતો. ત્યારબાદ સદર કામે આરોપીને ખુલાસો કરવાની તક આપી હતી જેમા આરોપીએ પોતાની તરફેણમાં કોઈ સાક્ષી તપાસવામાં માગતા ન હોવાની કે કોઈ પુરાવો રજૂઆત કરવા માંગતા ન હોવાની રજૂઆત કરી હતી. ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે મોખીક દલીલો સાંભળવામા આવેલ છે. બચાવપક્ષે દલીલનો હકક બંધ કરવાનો હુકમ કરેલ. આ કામે ફરીયાદ પક્ષના મોખીક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ દલીલો પરથી નીચે મુજબના મુદ્દાઓ આ અદાલતના ન્યાયિક નિર્ણય માટે ઉપસ્થિત થયા છે.

**૬. મુદ્દા નંબર : ૧**

**૧.** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, પોલીસ અધિકારી આર. એચ. મોરી અને અના.એ.એસ.આઈ. અરવિંદભાઈ યુ. ચૌધરી તથા અના. હેડ કોન્સ. પ્રવિણભાઈ એચ. વાડદોરીયા તથા પો.કોન્સ. ભગીરથભાઈ આર. ધાધલ તથા પો.કોન્સ. જયેશભાઈ જી. બોરીસાગર તથા પો.કોન્સ. સુલતાનભાઈ જી. પઠાણ વિ. સ્ટાફ સાથે ચલાલા ટાઉનમાં ૧૯/૦૦ પેટ્રોલિંગમાં તથા વાહન ચેકીંગમાં જવા રવાના થઈ પેટ્રોલિંગમાં ફરતા ફરતા કલાક ૧૯/૧૫ વાગ્યે ગોપાલગ્રામ ચોકડીએ આવી વાહન ચેકીંગ કરતા હતા ત્યારે ધારી તરફથી

આવતી સ્વીફ્ટ સફેદ કલરની ફોરવ્હીલ જેના રજી. નં. GJ-1-HS-5774 ને રોકી જેમા ત્રણ ઈસમો બેઠા હોય જેમાંથી બે ઈસમો ગાડીમાંથી ઉતરી ઉતરી ભાગવા લાગેલ જેમાથી ડ્રાઈવરને સાથેના પો.કોન્સ. ભગીરથભાઈએ પકડી પાડેલ તેમજ સદરહુ સ્વીફ્ટ LDI સફેદ કલરની ફોરવ્હીલના સાઈડના દરવાજા ખોલી ચેક કરતા ગાડીની પાછળની સીટ પાસે વિદેશી દારૂ (૧) રોયલ સ્ટેજ કલાસિક વ્હિસ્કી ૭૫૦ ML પ્રુફ, (૨) પરનોડ રીકાર્ડ ઈન્ડીયા પ્રા.લી. મોહાલી(પંજાબ), (૩) ફોર સેલ ઈન પં જાબ ઓન્લી કુલ બોટલો નંગ-૮૪ મળી આવ્યો હતો જેથી તેની પૂછપરછ કરતા તેણે પોતાનુ નામ સરફરાજ યુસુફભાઈ રફાઈ રહે. ગારીયાધાર નવાગામ રોડ, કફતનગર તા.ગારીયાધાર , જી.ભાવનગર. વાળા હોવાનુ જણાવ્યુ હતુ. ફરિયાદ મુજબ નજીકમાંથી પંચોના માણસ બોલાવી તેમની રૂબરૂ ઉપરોકત મુદામાલ પંચનામાની વિગતે તપાસઅર્થે કબ્જે કર્યો હતો અને તે આરોપી વિરૂધ્ધ ધોરણસરની ફરિયાદ આપી હતી. , જેથી આરોપીએ પ્રોહી. એકટ ની કલમ: ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૮૧, ૧૧૬(બી) મુજબ નો ગુન્હો કરેલ છે?

**૨.** શું હુકમ ?

**૭. મુદ્દાઓ પરનાં નિર્ણયો.**

મુદ્દા નંબર : ૧ – નકારમાં.

મુદ્દા નંબર : ૨ – આખરી હુકમ.

૮. **નિર્ણય માટેના કારણો:-**

**મુદ્દા નંબર : ૧ અને ૨.**

આ કામે પંચ સાહેદ:- જગદીશભાઈ હરીભાઈ ચૌહાણ અદાલત સમક્ષની આંક-૧૦ વાળી જુબાનીમાં જણાવે છે કે પોલીસ તેમને અવારનવાર સહી કરવા બોલાવે છે અને પોલીસના કહેવાથી સહી કરી આપે છે તેઓ પોલીસ સાથે કયારેય રેઈડમાં ગયા નથી કે પોલીસે તેમની હાજરીમાં કોઈ વ્યકિત પાસેથી દારૂ પકડયો હોય તેવુ બન્યુ નથી તેઓ

પંચનામાની વિગતો જાણતા નથી. ઉલટ તપાસમાં પંચ સાહેદ તૈયાર પંચનામામાં પોતાની સહી કરી હોવાનું જણાવે છે. આ કામે પંચ સાહેદ નાનજીભાઈ મનજીભાઈ સાપરીયા અદાલત સમક્ષ આંક-૧૨ વાળી જુબાનીમાં જણાવે છે કે તેઓ ચલાલા બસ સ્ટેન્ડે હતા ત્યારે પોલીસે તેમની પાસેથી તૈયાર પંચનામામાં સહી લીધેલી, પંચનામાની હકીકતો વિશે તે કાંઈ જાણતા નથી, તેમની હાજરીમાં કોઈ પંચનામુ કરવામાં આવેલ નથી. આ સાહેદ પણ જણાવે છે કે તેઓ પોલીસ સાથે કયારેય રેડમાં ગયા નથી કે પોલીસે તેમની હાજરીમાં કોઈ વ્યકિત પાસેથી દારૂ પકડયો હોય તેવુ બન્યુ નથી.

આમ, આ કામે ફરિયાદ મુજબ જેની હાજરીમાં આરોપી પાસેથી મુદ્દામાલ દેશી દારૂ પકડયો હોવાનુ લખ્યુ છે તે પંચ સાહેદો ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતાં નથી. આ કામની ચાર્જશીટ જોતા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધ્યા નથી. આવા કોઈ સ્વતં ત્ર સાહેદોના નિવેદનો ન નોંધવાનુ કોઈ કારણ રેકર્ડ પર નથી. આ કામે પોલીસ સાહેદો હિત ધરાવતા સાક્ષીઓ ગણાય. તેથી તેમની કાર્યવાહીને સ્વતંત્ર સાહેદોની જુબાનીથી સમર્થન મળવુ જોઈએ જે આ કેસમાં જણાતુ નથી. આ કામે આરોપી પાસેથી મળેલા મુદ્દામાલની રિકવરી અંગે જેના પર આધાર રાખી શકાય તેવો સ્વતંત્ર અને આધારભૂત પુરાવો રજૂ નથી.

આ કામે ત.ક.અ. ભીમાભાઈ માલદેભાઈ આહીર નાઓને આંક-૨૬થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે જેમાં તેઓએ ફરીયાદની હકીકતોને સમર્થન આપવા પ્રયત્ન કરેલ છે. અને તેઓએ આંક-૧૧ વાળુ પંચનામુ તેઓના રુબરુ કરેલ હોવાનુ જણાવી અને આંક-૨૦ થી ફરિયાદ રજુ છે તથા એફ.એસ.એલ. ને આંક-૨૭થી રજુ છે. જે ફરીયાદને સમર્થનકારક હકીકતો પોતાના મૌખિક પુરાવામાં જણાવેલ છે તેમજ પોતે સદર ગુનાના કામેની તપાસના કામે કરેલ કાર્યવાહીઓની વિગતો જણાવેલ છે. ત્યારબાદ બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ તપાસમાં ઉપરોકત સાહેદે એ કબુલ કરેલ છે કે, મને જયારે તપાસ મળી ત્યારે તપાસના કાગળો સાથે ફરિયાદ, પંચનામુ, સાહેદોના નિવેદનો એફ.એસ.એલ. નો રીપોર્ટ તમામ સામેલ હતા, મેં ચાર્જશીટ કરવા સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી, મને જે તપાસના કાગળો મળ યા તેમાં આરોપીના કોઈ દસ્તાવેજી આધાર હતા નહી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ચહેરા નિશાન પત્રક હતુ, ચહેરા નિશાન પત્રક પણ મને તપાસના કાગળો સાથે તૈયાર મળેલુ, આ

કામે સ્ટેશન ડાયરીનો ઉતારો કે લોગબુકનો ઉતારો રજુ રાખેલ નથી, બનાવવાળી જગ્યાએ જાહેર રસ્તો છે અને ઘણાં બધા વાહનોની અવર જવર રહે છે, ફરિયાદમાં પંચોના નામ જણાવેલ નથી, આરોપીની ઓળખ છતી થાય તેવો કોઈ પુરાવો મેળવેલ નથી, આ કામે પોલીસ સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી.

૯. હાલના કામે રેકર્ડ પરના પુરાવાનુ સમગ્ર મુલ્યાકન કરવામા આવે તો આ કામે તપાસવામા આવેલ બન્ને પંચ સાહેદો હોસ્ટાઈલ છે અને તેમના પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. ફરીયાદ પક્ષ આંક–૧૧ વાળુ પંચનામુ પુરવાર કરી શકેલ નથી.

**૧૦.** આવા સંજોગોમાં નામ. ગુજરાત વડી અદાલત ધ્વારા આપવામાં આવેલ ચુકાદાથી પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેવામાં આવેલ છે.

**2016 (4) GLR 3159 THE STATE OF GUJARAT vs YADVENDRASING SARDAR**

SURJITSINGH JAT( SHIKH0 & other " In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be trained and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper.

ઉપર ચર્ચા કરી તે મુજબ આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદો કે જેઓ રૂબરૂ આરોપીના કબજા ભોગવટામાંથી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો દારૂ મળી આવ્યો હોવાની હકીકતનો અને પોલીસે તે પંચ સાહેદોની રૂબરૂમાં તેનુ વિગતવારનુ પંચનામુ કર્યુ હોવાનુ ઈન્કાર કરે છે. જો આ સદર્ભે નામ. ગુજરાત હાઈકોટનો **દિલીપ સાન્શી – વિરૂધ્ધ – સ્ટેટ ઓફ ગુજરાતનો** ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં ઠરાવેલ છે કે,

" In absence of specified evidence form technical sym FSL and in absence of specific evidence regarding quality and quantity of muddamal; and in the absence of proper evidence by the witness conforming the seizure from the given place, and in the absence of recovering

the muddamal from the person of the accused, and in the absence of providing the link and connection of prohibited articles directly with the applicant, is is difficult to confirm the conviction of the person."

ઉપર ચર્ચા કરી તે મુજબ બનાવવાળુ સ્થળ જાહેર રસ્તો છે તેથી ત્યાં અન્ય લોકોની અવર જવર હોય તેમ છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધ્યા હોવાનું રજૂ થયેલા પોલીસ પેપર્સથી જણાતુ નથી. તે ન નોંધવાનુ કારણ રેકર્ડ પર નથી. વધુમાં મુદામાલ રીકવરીનુ ઓડિયો–વિડિયો તેમજ ઈલેકટ્રોનિક માધ્યમથી રેકોર્ડિંગ કર્યૂ હોવાનુ પણ રેકર્ડ પરથી ફલિત થતુ નથી. આ તમામ સંજોગો, રેકર્ડ, ફરીયાદમાં આક્ષેપિત બનાવ તેમજ ખરેખર ફરીયાદની ચોકકસ અને તટસ્થ તપાસ થયેલ હોવાની હકીકત પણ શંકાસ્પદ જણાય છે. આ સંજોગોમાં ફરિયાદપક્ષના અન્ય સાહેદો અર્થાત પોલીસ સાહેદોને તપાસવમા આવે તો તે પણ ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેમ નથી અને તે સંજોગોમાં પણ આરોપી સામેનો કેસ નિ:શકપણે પુરવાર થઈ શકે તેમ નથી. નામ. સર્વોચ્ચ અદાલતને તેના ચુકાદામાં સતીષ મહેરમાં પ્રસ્થાપિત કરેલ છે.

" When judge is certain that there is no prospect of case ending in conviction time of court should not br wasted for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date."

ઉપરોકત નામ. સુપ્રિમ કોર્ટનું અવલોકન ધ્યાને લેતાં હાલના કેસમાં પણ મહત્વ અને ચાવીરૂપ પંચ સાહેદો ફરીયાદ પક્ષના કેસને પુરતા અને નિ:શંક પુરાવાઓથી હાલનો કેસ સાબિત કરી શકે તેમ જણાતું ન હોય તેમજ ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું તથા આરોપી ક્રિમીનલ જયુરીસ્પુન્સના સિધ્ધાંત મુજબ મળવાપાત્ર શંકાનો લાભ મેળવવા હકદાર ઠરતાં હોવાનું અદાલતનું માનવું હોય જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: <u>હુકમ</u> :-**

**૧.** આ કામના આરોપી **સરફરાજ યુસુફભાઈ રફાઈ** રહે. ગારીયાધાર, તા.ગારીયાધાર , જી.ભાવનગર. ને પ્રોહિબીશનની કલમ-૬૬(બી), ૬૫(એ)(ઈ), ૮૧ , ૧૧૬(બી) મુજબના ગુન્હામાંથી ફોજદારી કાર્યવાહીના કાયદા ૧૯૭૩ ની કલમ-૨૪૮(૧) મુજબ નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** મુદ્દામાલ પાવતી મુજબના મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** આ કામે આરોપીએ અપીલ સમય સુધી ફોજદારી કાર્યવાહીના કાયદા ૧૯૭૩ ની કલમ-૪૩૭(એ) મુજબના રૂપિયા ૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના નવા સધ્ધર જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો આપવો.

આ હુકમ આજ રોજ તા.૨૫મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૨૫/૦૩/૨૦૨૬**
ધારી

**(એચ.જે. ઝાલા)**
સેકન્ડ એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ
ધારી.
કોડ નં.જીજે૦૦૧૩૬૯.